# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

અધિક જેઠ વદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૨ ● તારીખઃ ૧૨.૦૬.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!

## મોદીના શાસનકાળમાં વૈશ્વિક મહાસત્તા તરીકે ભારતનો દબદબો

### હોર્મુઝ કટોકટી ઉકેલવા ફ્રાન્સને પીએમ મોદી પર પૂર્ણ વિશ્વાસઃ G7 સમિટમાં મળ્યું વિશેષ આમંત્રણ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં ઈરાન અને હોર્મુઝ સ્ટ્રેટ ને લઈને સર્જાયેલી ગંભીર કટોકટી વચ્ચે વૈશ્વિક કૂટનીતિના મંચ પર ભારતનો દબદબો ફરી એકવાર સાબિત થયો છે. ફ્રાન્સના યજમાનપદે યોજાનારી પ્રતિષ્ઠિત G7 સમિટમાં ભારતને એક ખાસ સભ્ય સમાન અતિ-ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને પીએમ નરેન્દ્ર મોદીને આ સમિટમાં ભાગ લેવા માટે ખાસ આમંત્રણ પાઠવ્યું છે, કારણ કે ફ્રાન્સનું માનવું છે કે ભારત સાથેના પરસ્પર અતુટ વિશ્વાસ અને મજબૂત વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વિના આંતરરાષ્ટ્રીય કટોકટીઓનો ઉકેલ અશક્ય છે. ફ્રાન્સ એટલી હદે ભારત પર નિર્ભર છે કે તે ભારતને સત્તાવાર રીતે G7 નું સભ્ય બનાવવાની ઔપચારિકતાની રાહ જોયા વિના જ તમામ મુખ્ય સત્રોમાં તેને કેન્દ્રીય ભૂમિકા આપી રહ્યું છે.

આગામી ૧૫ થી ૧૭ જૂન દરમિયાન લેક જીનીવાના કિનારે આવેલા ફ્રાન્સના રમણીય શહેર એવિયન-લેસ-બેન્સ ખાતે યોજાનારી આ સમિટમાં વિશ્વની સૌથી મોટી આર્થિક અને સૈન્ય સત્તાઓના નેતાઓ એકઠા થઈ રહ્યા છે, જેમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સામેલ થશે.

હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોની સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો ખુલ્લા રાખવા જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ફ્રાન્સે ઈજિપ્ત, કતાર, યુએઈ અને સાઉદી અરેબિયા જેવા પશ્ચિમ એશિયાના અગ્રણી દેશોને પણ આમંત્રિત કર્યા છે. ૧૬ જૂને યોજાનારી આ મહત્ત્વની બેઠકમાં ભારત અને અમેરિકા સંયુક્ત રીતે મધ્ય પૂર્વના ભૌગોલિક-રાજકીય તણાવને હળવો કરવા અને રશિયા-યુક્રેન યુદ્ધના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન પર પડેલી અસરો અંગે ચર્ચાનો દોર સંભાળશે.

પોતાના વ્યસ્ત પ્રવાસના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાની મુલાકાતે જશે, જેમાં તેઓ ફ્રાન્સના નાઇસ શહેરમાં રાષ્ટ્રપતિ મેક્રોન સાથે દ્વિપક્ષીય વાર્તાલાપ કરશે અને બંને નેતાઓ સાથે લંચ પણ લેશે. આ સમિટમાં પીએમ મોદી માત્ર પરંપરાગત સુરક્ષા મુદ્દાઓ જ નહીં, પરંતુ સોશિયલ મીડિયાના ઉપયોગ માટે વૈશ્વિક સ્તરે લઘુત્તમ વય મર્યાદા

અનુ પાના નં.૨ પર

## મમતા બેનરજીને મોટો ઝટકોઃ સ્પીકરના નિર્ણય પર સ્ટે આપવાનો હાઈકોર્ટનો ઈનકાર, બળવાખોર નેતા જ રહેશે LOP!

**સમય સંદેશઃ કૉલકાતા**

પશ્ચિમ બંગાળમાંથી સત્તા ગુમાવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી એક પણ એક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે હવે વિપક્ષના નેતાના પદના ચાલી રહેલા વિવાદ મુદ્દે હાઈકોર્ટે મમતા બેનરજીને મોટો ઝટકો આપ્યો છે. વિધાનસભામાં વિપક્ષના નેતાના પદને ચાલી રહેલા વિવાદ મામલે કોલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને તાત્કાલિક રાહત આપવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે હાલ માટે વિપક્ષના નેતાની નિમણૂક પર કોઈ રોક લગાવી નથી. તેથી ઋત્તબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે યથાવત રહેશે.

વિધાનસભામાં સત્તાધારી પક્ષની સાથે વિપક્ષનો પણ એક મુખ્ય નેતા હોય છે, જેને વિપક્ષના નેતા કહેવામાં આવે છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાના સ્પીકર રથીન્દ્રનાથ બોઝે તાજેતરમાં ઋત્તબ્રત બેનજીર્ને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી. ઋત્તબ્રત બેનર્જી અગાઉ ઝખઈ સાથે જોડાયેલા હતા, પરંતુ ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ તેમણે પોતાની જ પાર્ટી સામે બળવો કર્યો હતો. ત્યારબાદ સ્પીકરે તેમને વિપક્ષના નેતા તરીકે માન્યતા આપી હતી.

TMCનું કહેવું છે કે, વિપક્ષના નેતાની પસંદગી માત્ર સ્પીકરની ઈચ્છા મુજબ થઈ શકતી નથી. વિધાનસભામાં કઈ પાર્ટી મુખ્ય વિપક્ષ છે અને તેની પાસે કેટલા ધારાસભ્યો છે તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. પાર્ટીનો આરોપ છે કે એક બળવાખોર નેતાને આ મહત્વનું પદ આપીને વિધાનસભાની પરંપરાઓ અને રાજકીય સંતુલનને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

ગુરુવારે થયેલી સુનાવણી દરમિયાન TMCએ સ્પીકરના નિર્ણય પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી. જોકે હાઈકોર્ટે આ માંગ સ્વીકારી નથી અને કોઈ સ્ટે ઓર્ડર આપ્યો નથી. તેના કારણે ઋત્તબ્રત બેનર્જી હાલ વિપક્ષના નેતા તરીકે કાર્ય કરતા રહેશે. જોકે મામલો હજુ કોર્ટમાં ચાલુ છે. હવે આ કેસની આગામી સુનાવણી ૧૬ જૂને થશે, જ્યાં બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટ આગળનો નિર્ણય લઈ શકે છે.

## અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન સામે અત્યાર સુધીની સૌથી ભયાનક સૈન્ય કાર્યવાહીની ગર્જના

### ઈરાન પર થશે પ્રચંડ હુમલા, ટૂંક સમયમાં જ તેના તેલ અને ગેસ બજારો પર અમેરિકા સંપૂર્ણ કબજો મેળવી લેશે



**સમય સંદેશઃ ડેસ્ક**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો ભીષણ સૈન્ય સંઘર્ષ હવે અત્યંત વિનાશક વળાંક પર પહોંચી ગયો છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક અત્યંત આક્રમક પોસ્ટ મૂકીને ઈરાન સામે મોટા પાયે લશ્કરી કાર્યવાહી કરવાની સત્તાવાર જાહેરાત કરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે અમેરિકી સેના આજે (તા.૧૧ની રાત્રે) રાત્રે જ ઈરાન પર અત્યાર સુધીના સૌથી પ્રચંડ અને ઘાતકી હુમલા કરવા જઈ રહી છે. આ સાથે જ તેમણે ઈરાનના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા તેલ ક્ષેત્રો અને ઊર્જા બજારોને પણ પોતાના હસ્તક લેવાનો ખુલ્લો સંકેત આપી દીધો છે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો છે કે અમેરિકા દ્વારા અગાઉ કરવામાં આવેલા ભીષણ હુમલાઓમાં ઈરાનની નૌકાસેના (નેવી), વાયુસેના (એરફોર્સ), રડાર સિસ્ટમ અને એન્ટી-એરક્રાફ્ટ ડિફેન્સ સહિતની મોટાભાગની આક્રમક સૈન્ય ક્ષમતાઓ અને સંસાધનો સદંતર નાશ પામ્યા છે. હવે ઈરાનની સૈન્ય શક્તિ સદંતર ભાંગી પડી હોવાનો દાવો કરીને તેમણે ઉમેર્યું હતું કે અમેરિકા આજે રાત્રે જ ઈરાન પર 'વેરી હાર્ડ' એટલે કે અત્યંત આકરા પ્રહારો કરશે. આ હુમલાઓ અગાઉ ૯ જૂનના રોજ ઈરાની લક્ષ્યો પર કરવામાં આવેલા હવાઈ હુમલાઓ બાદના વધારાના અને વધુ તીવ્ર હુમલા હશે, જેની

અનુ પાના નં.૨ પર

### ઓમાનની ખાડીમાં જહાજ પર અમેરિકી હુમલામાં ત્રણ ભારતીયોનાં મોત થયાં

ઓમાનના દરિયાકાંઠા નજીક અમેરિકાએ નિશાન બનાવેલા તેલ ટેન્કર પર થયેલા હુમલામાં ત્રણ ભારતીય નાવિકોનાં મોત થયાં છે. ઓમાનની ખાડીમાં આવેલા 'સેટ્ટેબેલો' નામના જહાજ પર અમેરિકી હુમલામાં ત્રણ ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યો છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે ઓમાનના કિનારા નજીક આ સપ્તાહની શરૂઆતમાં અમેરિકી સેનાએ કરેલા હુમલામાં ત્રણ ભારતીય નાવિકોનાં મોત થયાં હતાં, જેઓ અગાઉ ગુમ થયેલા હોવાનું માનવામાં આવતું હતું. અમેરિકી હુમલા સમયે જહાજ પર કુલ ૨૮ ક્રૂ સભ્યો સવાર હતા, જેમાં ૨૪ ભારતીય અને ચાર વિદેશી નાગરિકો (૨ પાકિસ્તાની, ૧ યુક્રેનિયન અને ૧ રશિયન) સામેલ હતા. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝ- જીફિર્શી ઝર ઈજ્ઞળિ નજીક આવેલા સેટ્ટેબેલો જહાજ પર થયેલા હુમલામાં મૃત્યુ પામેલા ત્રણ ભારતીયોમાં ડેક કેડેટ આદિત્ય શર્મા, એન્જિન ફિટર શિવાનંદ ચૌરસિયા અને ચીફ એન્જિનિયર પટનાલા સુરેશનો સમાવેશ છે.

## કોંગ્રેસનું 'મોદીના કુશાસનનાં ૧૨ વર્ષ' અભિયાન શરૂ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

એક તરફ ભાજપ બુધવારે નરેન્દ્ર મોદી સરકારનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાનો ઉજવણી કાર્યક્રમ કરી રહી હતી, ત્યારે બીજી તરફ કોંગ્રેસે 'મોદીના કુશાસનનાં ૧૨ વર્ષ' નામે અભિયાન શરૂ કર્યું. કોંગ્રેસે વડા પ્રધાન પર ગરીબવિરોધી આર્થિક નીતિઓ અપનાવવાનો, મોટાં કોર્પોરેટ ઘરોને લાભ પહોંચાડવાનો અને ઇતિહાસને બદલવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. કોંગ્રેસે સરકારને આરોગ્ય સેવાઓની નિષ્ફળતા, પેપર લીક કૌભાંડો, મહિલાઓને અસર કરતી કલ્યાણકારી યોજનાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં બિન-વૈજ્ઞાનિક વિચારોને પ્રોત્સાહન આપવાને મુદ્દે પણ ઘેરી હતી.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મોદી સરકારના કાર્યકાળને ગરીબવિરોધી આર્થિક નીતિઓ અને નબળી વિદેશ નીતિના ૧૨ વર્ષ તરીકે ગણાવ્યો. તેમણે પ્રશ્ન કર્યો હતો કે સરકારની નિષ્ફળતાઓનો બોજ માત્ર સામાન્ય જનતાએ જ કેમ ઉઠાવવો જોઈએ?

રાહુલ ગાંધીએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ડ પર લખ્યું હતું કે મોદીજી, શું તમારી નિષ્ફળતાઓનો બોજ માત્ર ગરીબો જ ઉઠાવશે? શું નબળા પડતા અર્થતંત્રની કિંમત માત્ર મજૂરો, ખેડૂતો, મહિલાઓ અને મધ્યમ વર્ગ જ ચૂકવશે? તેમણે આરોપ લગાવ્યો હતો કે ગરીબવિરોધી આર્થિક નીતિઓને કારણે લાખો ગરીબ પરિવારો અને મહિલાઓ ફરીથી લાકડાના ચૂલા પર રસોઈ બનાવવા મજબૂર બન્યા છે. રાહુલે દાવો કર્યો હતો કે ઉજ્જ્વલા યોજનામાં મળતા સબસિડીવાળા એલપીજી સિલિન્ડરોની સંખ્યા નવમાંથી ઘટાડી ચાર કરી દેવામાં આવી છે, જ્યારે છેલ્લા ત્રણ મહિનામાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૮૯ રૂપિયાનો વધારો થયો છે. મોટા ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અબજોપતિ મિત્રોના લાખો કરોડ રૂપિયાના દેવાં માફ કરવાં અને પોતાની નિષ્ફળતાઓનું બિલ ગરીબો પર નાખવું જ મોદીનો 'લૂટ

અનુ પાના નં.૨ પર

## રાજ્યસભા ચૂંટણીમાં ગુજરાત ભાજપના ચારેય ઉમેદવારો બિન હરીફ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. ત્યારે ગુજરાતની ચાર બેઠકો માટે રાજુભાઈ શુક્લા, મુકેશભાઈ રાઠવા, માનસિંહ પરમાર, જીતેન્દ્ર મેઘજીભાઈ કણઝારીયા સત્તાવાર રીતે બિન હરીફ જાહેર કરવામાં




આવ્યા છે. જેથી હવે ૧૮ જૂને યોજાનારી રાજ્યસભા ચૂંટણી ગુજરાતમાં નહીં યોજાય. હાલ ગુજરાત વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનું સંખ્યાબળ ૧૬૧ જેટલું છે અને કોંગ્રેસનું ૧૨ તેમજ અઅડનું ૫ જેટલું જ સંખ્યાબળ હોવાથી એક પણ વિપક્ષી પાર્ટીએ ઉમેદવાર ઉતાર્યો નથી. જેથી ચૂંટણી

અનુ પાના નં.૨ પર

## પાકિસ્તાની સેનાએ પ્રદર્શનકારીઓ પર કર્યો ગોળીબારઃ ૧૬ લોકોનાં મોત

**સમય સંદેશઃ ડેસ્ક**

નવી દિલ્હીઃ પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરના રાવલકોટમાં વધુ એક દુઃખદ અને રક્તરંજિત ઘટના બની છે. પાકિસ્તાની સૈનિકો અને રેન્જર્સે શહેરના ઈદગાહ મેદાનમાં એકત્ર થયેલા હજારો નિહથ્થા પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કર્યો. સામાન્ય નાગરિકોનું શાંતિપૂર્ણ પ્રદર્શન અચાનક ભયાનક દશ્યમાં ફેરવાઈ ગયું. આ લોકો સસ્તો લોટ, ચોખા, વીજળી અને મૂળભૂત અધિકારોની માગ કરી રહ્યા હતા. રાવલકોટમાં અંદાજે ૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ લોકો એકત્ર થયા હતા. એ દરમિયાન પાકિસ્તાની સુરક્ષા દળોએ કોઈ પણ પ્રકારની ચેતવણી

અનુ પાના નં.૨ પર

## જામનગરના આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર ધારશી બેરડીયાનો મહારાષ્ટ્રમાં અકસ્માત

### 'નદી પુરાણ' ફિલ્મના શૂટિંગ દરમિયાન કારનો કચ્ચરઘાણઃ ધારશી બેરડીયા અને ડાયરેક્ટર ICUમાં કોકીલાબેન અંબાણી હોસ્પિટલ મુંબઈમાં ખસેડાયા



**સમય સંદેશઃ મુંબઈ**

જામનગરના ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય સ્ટેન્ડઅપ કોમેડિયન અને હાસ્ય કલાકાર ધારશી બેરડીયાનો મહારાષ્ટ્રમાં ગંભીર અકસ્માત થયો છે. ગત ૮ જૂનના રોજ 'નદી પુરાણ' ફિલ્મના શૂટિંગ દરમિયાન રાત્રિના સમયે તેઓ મુસાફરી કરી રહેલી કારને અકસ્માત નડ્યો હતો. આ દુર્ઘટનામાં ધારશી બેરડીયા અને ફિલ્મના ડાયરેક્ટર સહિત

અનુ પાના નં.૨ પર

## જામનગરના શહેરીજનોને જુલાઈ માસ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર-જિલ્લામાં ગત વર્ષે સારા વરસાદને કારણે તેમજ સૌની યોજનામાંથી ડેમો, ચેક-ડેમો ભરવાને કારણે જિલ્લામાં તેમજ શહેરમાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ નથી. જે સારી ''બાબત છે. જામનગર શહેરને પીવાનું - પાણી પુરું પાડતા ચાર ડેમો પૈકીના રણજીતસાગર ડેમમાં પણ ગત દિવસોમાં ૨૦૭ એમસીએફટી પાણી ઠાલવવામાં આવતાં શહેરને જુલાઈ માસના અંત ભાગ સુધી પીવાના પાણીની નિશ્ચિતતા બની રહેશે.

જામનગર મહાનગર પાલિકાના વોટર વર્કસ વિભાગ દ્વારા શહેર માટે દૈનિક ધોરણે ૧૫૦ લાખ લીટર (એમએલડી) પાણીની વ્યવસ્થા કરીને ૧૧ ઈએસઆર મારફત અને નવા વિસ્તરેલા વિસ્તારોમાં -ટેન્કરના ૮૫ ફેરા દ્વારા પાણી વિતરણ કરવામાં આવે છે. શહેર માટે આજી-૩ ડેમનું ૪૦ એમએલડી, સસોઈ ડેમનું ૨૫ એમએલડી, રણજીતસાગર ડેમનું ૪૦ એમએલડી, ઉંડ-૧ ડેમનું ૨૫ એમએલડી તથા નર્મદાનું ૨૦ એમએલડી પાણી મેળવવામાં આવે છે. શહેરના ૧૬ વોર્ડ પૈકીના વોર્ડ નંબર-૧, ૩, ૪, ૧૩ અને ૭માં તેમજ વોર્ડ નંબર-૩ અને પાંચના અડધા ભાગમાં દૈનિક ૩૦ મીનીટ પાણી વિતરણ થાય છે. બાકીના વોર્ડને ક્રમશઃ દૈનિક પાણી વિતરણમાં જોડવામાં આવશે. જામનગર શહેરને જુલાઈ માસના અંત ભાગ સુધી પીવાના પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું તંત્ર જણાવે છે. શહેરના છેવાડાના વિસ્તારોમાં જ્યાં પાઈપ લાઈનો પહોંચે તે પહેલા સોસાયટીઓ ઉભી થઈ ગઈ છે.

ત્યાં ટેન્કરના ૮૫ ફેરા દ્વારા પાણી વિતરણ કરવામાં આવે છે. આ વિસ્તારોમાં કાલાવડ રોડ ઉપરની સોસાયટીઓ, ઢીંચડા ગામ તરફની સોસાયટીઓ, લાલપુર બાયપાસથી ખંભાળીયા બાયપાસ તરફની સોસાયટીઓનો તથા બેડી-જોડીયા ભુંગા વિસ્તારોનો સમાવેશ થાય છે.

## રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ બાળકો સાથે સંવાદ કર્યોઃ મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં સરકારી શાળામાં કાર્યક્રમ યોજાયો; શૈક્ષણિક સુવિધાઓ, બાળકોના શિક્ષણના સ્તરની સમીક્ષા કરી



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં ભાજપ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે ગુજરાતભરમાં '૧૨ વર્ષઃ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ' કાર્યક્રમની ઉજવણી થઈ રહી છે. આ અભિયાનના ભાગરૂપે જામનગર શહેરમાં દિગ્જામ સર્કલ પાસે આવેલી સરકારી શાળા નંબર-૩૧ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી રિવાબા જાડેજા અને જામનગર મહાનગરપાલિકાના મેયર મોનિકાબેન વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, અન્ય પદાધિકારીઓ, અગ્રણીઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શાળા સ્ટાફ અને સ્થાનિક નાગરિકોએ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. મુલાકાત દરમિયાન મંત્રી રિવાબા જાડેજાએ વિવિધ ક્લાસરૂમમાં જઈને બાળકો સાથે સહજ સંવાદ કર્યો હતો. તેમણે બાળકો સાથે અંગ્રેજીમાં વાતચીત કરી તેમની કુશળતા વિશે પૂછપરછ કરી હતી. બાળકોએ પણ ઉત્સાહપૂર્વક પ્રતિભાવ આપ્યો હતો. મંત્રીએ શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ, સ્માર્ટ ક્લાસરૂમ અને બાળકોના શિક્ષણના સ્તરની વિસ્તૃત સમીક્ષા પણ કરી હતી. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ વડાપ્રધાનના નેતૃત્વની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, છેલ્લા ૧૨ વર્ષમાં દેશ અને રાજ્યમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને માળખાકીય સુવિધાઓનો અભૂતપૂર્વ વિકાસ થયો છે. છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા અને શિક્ષણને ગુણવત્તા સભર બનાવવા પ્રતિબદ્ધતા દર્શાવી હતી.


## તંત્રી સ્થાનેથી..

### સૂર્યનારાયણના ગરમા ગરમ ડામ !

ભારે ગરમીના કારણે બપોરના સમયે કામ બંધ થઈ જાય છે, જેના કારણે તેમના વેતન અને દૈનિક આવકમાં ભારે ઘટાડો થાય છે. ઝૂંપડપટ્ટીવાળાં નગરોમાં રહેતા લોકો, જ્યાં વેન્ટિલેશન ન્યૂનતમ હોય છે અને છત ટીન અથવા એસ્બેસ્ટોસથી બનેલી હોય છે, તેઓ સીધા હીટ સ્ટ્રોક અને ગંભીર ડિહાઈડ્રેશનનો ભોગ બને છે. આ પરિસ્થિતિ સમાજમાં થર્મલ અન્યાયને પ્રતિબિંબિત કરે છે. ભારત સરકારે રાષ્ટ્રીય ગરમી કાર્ય યોજના ઘડી છે અને કાગળ પર ઘણાં શહેરોમાં તેનો અમલ કરવાનો દાવો કરે છે, પરંતુ તેની વ્યાવહારિક અસરકારકતા ખૂબ જ શંકાસ્પદ છે. દેશના મોટાભાગના ભાગોમાં, આ યોજનાઓ ફક્ત વહીવટી ઔપચારિકતાઓ સુધી મર્યાદિત હોય તેવું લાગે છે. કટોકટી દરમિયાન ફક્ત સલાહ આપવી અથવા ઓર્ગેનિક રિહાઈડ્રેશન પેકેટનું વિતરણ કરવું એ આ માળખાકીય સમસ્યાનો કાયમી ઉકેલ નથી. જ્યાં સુધી ગરમી કાર્ય યોજનાને શહેરી વિકાસ માસ્ટર પ્લાન સાથે સંકલિત કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ નોંધપાત્ર ફેરફાર શક્ય નથી. જો આપણે ભવિષ્યમાં આપણાં શહેરોને રહેવા યોગ્ય રાખવા માંગતા હોઈએ, તો પરંપરાગત બાંધકામ અને શહેરી આયોજન પદ્ધતિઓને સંપૂર્ણપણે વાદળી-લીલા માળખામાં પરિવર્તિત કરવી પડશે. શહેરોમાં કોંક્રિટના વિસ્તરણને રોકવા માટે શહેરી જંગલો (જેમ કે મિયાવાકી પદ્ધતિ) અને ભીની જમીન (તળાવો) પુનઃસ્થાપિત કરવા પડશે. વૃક્ષો માત્ર છાંયો જ નહીં, પરંતુ બાષ્પીભવન દ્વારા સ્થાનિક તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી ઘટાડો પણ કરી શકે છે. નિષ્ક્રિય ઠંડક અને સ્થાપત્ય ફેરફારોને પ્રોત્સાહન આપવું જોઈએ. નવા નીતિ નિયમો હેઠળ કુદરતી વેન્ટિલેશનને પ્રોત્સાહન આપવું જોઈએ. ઈમારતોની છત પર સફેદ ઉચ્ચ-પ્રતિબિંબિત રંગ (ઠંડી છત) અને લીલી છત (છત ઉપર બાગકામ)ને પ્રોત્સાહન આપવું જોઈએ, જે સૌર કિરણોત્સર્ગને અવકાશમાં પાછા મોકલે છે. શ્રમ નીતિમાં સુધારા પણ જરૂરી છે. ભારે ગરમી દરમિયાન શ્રમ કાયદામાં સુગમતા દાખલ કરવી જોઈએ, જેમાં વિભાજીત પાળી (સવારે વહેલા અને સાંજે મોડી રાત્રે કામ કરવું)ની મંજૂરી આપવી જોઈએ, અને જાહેર સ્થળોએ છાંયડાવાળા આશ્રયસ્થાનો અને ઠંડા પીવાના પાણીની ૨૪ કલાક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ. નદીઓ સૂકવીને, વૃક્ષો કાપીને અને તળાવો ભરીને બાંધવામાં આવેલા વૈભવી કોંક્રિટ શહેરો એક થર્મલ ટ્રેપ બની ગયા છે, જેમાં આપણે પોતે ફસાઈ રહ્યા છીએ. હવે ફક્ત હવામાન આગાહીઓ વાંચવાનો સમય નથી, પરંતુ આપણાં શહેરોની ભૂગોળને બદલવાનો સમય છે.



## હાલારના હાલહવાલ



# આરોપીના વકીલ ન હોવા છતાં કોર્ટમાં ખોટી રજૂઆત કરતા દ્વારકાના યુવાન સામે ફરિયાદ

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં આવેલી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના ઈન્ચાર્જ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા હિરેનભાઈ હિતેશભાઈ પીંડારિયા (ઉ.વ. ૩૮) એ દ્વારકાના રહીશ એમ.બી. જાદવ નામના શખ્સ સામે સ્થાનિક પોલીસ મથકમાં કોર્ટને ગેરમાર્ગે દોરવા સબબની ફરિયાદ નોંધાવી છે.

આ પોલીસ ફરિયાદમાં ઇન્ચાર્જ રજીસ્ટ્રાર હિરેનભાઈ પિંડારિયાએ જણાવ્યા મુજબ આરોપી એમ.બી. જાદવએ ખૂન જેવા ગંભીર ગુનાના કેસમાં આરોપીઓના વકીલ ન હોવા છતાં આરોપીના વકીલ છે તેવી ખોટી જાહેરાત કરી, આ કેસનું ન્યાયિક કાર્યવાહીમાં હાજર રહી, ભાગ લીધો હતો. આ રીતે કોર્ટમાં ખોટું બોલીને કોર્ટને ગેરમાર્ગે દોરી, ખોટી રજૂઆત કરવામાં આવી હોવાનું આ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

આ પ્રકરણ સંદર્ભે પોલીસે બીએનએસની કલમ ૨૪૨ અને ૩૧૯ તથા એડવોકેટ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. આર.એલ. ચોપડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## સલાયામાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા



**સમય સંદેશઃ સલાયા**

સલાયાથી આશરે બે કિલોમીટર દૂર વાડી વિસ્તારમાં ગત સાંજે સ્થાનિક પી.આઈ. જે.એમ. ચાવડાની સૂચના મુજબ પોલીસ સ્ટાફના પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ જોગલ, સિદ્ધાર્થભાઈ સોલંકી અને વિપુલભાઈ એસ. ડાંગરને મળેલી બાતમીના આધારે એક શાળા પાસે બેસીને ગંજીપાના વડે તીનપત્તી નામનો જુગાર રમી રહેલા ઉમર હનીફ સુંભણીયા, આસિફ સિદ્દીક સંધિ અને બીલાલ જાકુબ ભાયા નામના ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઇ, કુલ રૂ. ૧૦,૫૧૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી હતી.

## દ્વારકા : માછીમારોને ગેરકાયદે સમુદ્રમાં જતા અટકાવવા જાહેરનામુ પ્રસિદ્ધ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા બંદરોએથી માછીમારી માટે માછીમારો સમુદ્રમાં જાય છે. વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની અન્ય આગાહીઓ સબંધે આવા સમુદ્રમાં રહેલ માછીમારોને ચેતવણી પહોચાડવી શક્ય હોતી નથી. જુન માસથી દરીયો તોફાની થઈ જતો હોવાથી માછીમારોને સામાન્ય રીતે જૂન માસથી સમુદ્રમાં માછીમારી માટે જવું વિશેષ જોખમી છે. મત્સ્યોદ્યોગ વિભાગ તથા પોર્ટ ઓફીસરશ્રી દ્વારા માછીમારોને આવી મોસમમાં સમુદ્રમાં જવા માટે પરવાનગી આપવામાં આવતી નથી. તેમ છતાં અનધિકૃત રીતે કોઇ માછીમાર સમુદ્રમાં ચાલ્યા જાય અને સમુદ્ર તોફાની બને તેવા સંજોગોમાં તેઓને જીવનું જોખમ ઉભું થાય તેવી સંભાવના હોય છે. આથી,આવા માછીમારોને સમુદ્રમાં ગેરકાયદેસર રીતે જતા અટકાવવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા અંતર્ગત કોઇપણ માછીમારોએ કે અન્ય કોઇ વ્યક્તિઓએ તા. ૨૩ જુલાઈ સુધી માછીમારી માટે કે અન્ય કોઇ હેતુસર દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારના દરિયાકાંઠેથી કે ક્રિક વિસ્તાર (ખાડી વિસ્તાર)માં જવા તેમજ કોઇપણ બોટની અવર-જવર કરવા પર પ્રતિબંધ લગાવ્યો છે.

## અકળ કારણસર ઓખાના યુવાને આપઘાત કર્યો

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના નવી બજાર વિસ્તારમાં રહેતા યોગરાજભા બાવાભા માણેક (નાયાણી) નામના ૨૯ વર્ષના યુવાને ગઈકાલે બુધવારે પોતાના રહેણાંક મકાનમાં કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં ઓઢણી વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ હાડાભા વજાભા માણેકએ સ્થાનિક પોલીસને કરી છે.

## ફલ્લામાં પ્રધાનમંત્રીના દીર્ઘકાલીન શાસનની ઉજવણી અંતર્ગત સફાઈ ઝુંબેશ



**સમય સંદેશઃ ફલ્લા**

જામનગર તાલુકાના ફલ્લા ગામે વડાપ્રધાનનાં સૌથી વધુ દિર્ઘકાલીન શાસનની ઉજવણી નીમીતે ફલ્લા ગામે ભારત માતાને વંદન, સમુહ સફાઈ સહીતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, જીલ્લા ભાજપ મહામંત્રી ભરતભાઈ, તાલુકા પંચાયત સદસ્ય પોપટભાઈ બાંભવા, સરપંચ કમલેશભાઈ ધમસાણીયા, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાં પાંચ આધાર કાર્ડ કેન્દ્રો ત્રણ માસથી બંધ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં નાના બાળકોના આધાર કાર્ડ કઢાવવા માટે વાલીઓએ ક્યાં જવું તે મોટો પ્રશ્ન છે. કારણકે મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતના આઈસીડીએસ વિભાગ હસ્તકના ૩ આધાર કેન્દ્રોનીની કામગીરી ૩૧ માસથી અને કલેક્ટર કચેરી ખાતેના આધાર કેન્દ્ર કામગીરી તા.૧ ના સોમવારથી બંધ છે. પરિણામે નાના બાળકોના આધાર કાર્ડ ન હોવાથી માતા-પિતા સાથે રાશન કાર્ડમાં તેઓના નામની એન્ટ્રી થતી નથી. ૧ વર્ષ સુધીની નાની બાળાઓને વ્હાલી દીકરી યોજનાના લાભથી વંચિત રહેવાની સ્થિતિ સર્જાઈ છે. જામનગર શહેરમાં તળાવ નજીક દેવરાજ દેપાળ બાલ મંદિર ખાતે કોર્પોરેશનના આઈસીડીએસ વિભાગ હસ્તકના બે આધાર કાઉન્ટરો ચાલુ હતા. જેમાં માત્ર પાંચ વર્ષ સુધીના બાળકોના આધાર કાર્ડ કાઢવામાં આવતા હતા. પરંતુ ૩ માસથી ઓપરેટરોના અભાવે આ કેન્દ્રની કામગીરી બંધ છે. આ ઉપરાંત શહેરમાં તાલુકા પંચાયત ઓફીસ, જિલ્લા પંચાયત ભવન ખાતે પણ બાળકોના આધાર કાર્ડ કાઢી આપવાની કામગીરી બંધ છે તેમજ જામનગર મહાનગરપાલિકા કચેરી કક્ષાના ૩ કેન્દ્રોની ચાર કીટની કામગીરી બંધ હોવા ઉપરાંત કર્મચારીનો પગાર થયો ન હોવાથી તારીખ ૧ જુનના સોમવારથી કલેક્ટર કચેરી(સેવા સદન)માં આવેલા નાગરિક સુવિધા કેન્દ્રનું આધાર કાઉન્ટર પણ ૯ દિવસથી બંધ છે. આવી બધી સ્થિતિના કારણે વાલીઓને નાના બાળકોના આધાર કાર્ડ માટે માત્ર બેન્કો અને એક લાલ બંગલા ગેઈટ ઉપરના સરકારી કેન્દ્રનો આશરો રહ્યો છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હસ્તકના આઈ.સી. ડી.એસ. વિભાગ દ્વારા બાળકોનું કલ્યાણ થતું નથી.

## દ્વારકાની ઐતિહાસિક ગૌશાળામાં ગૌમાતાને છપ્પનભોગ અર્પણ કરાશે

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકાના ભથાણ ચોક વિસ્તારમાં આવેલી આશરે ૧૪૦ વર્ષ જૂની ગૌશાળામાં પુરૂષોત્તમ માસના પાવન અવસરે આગામી ગુરુવાર, તા. ૧૧ જૂન ના રોજ ગૌમાતાને છપ્પન ભોગ અર્પણ કરવાનો ભવ્ય ધાર્મિક મનોરથ યોજાશે. ગૌસેવા અને ગૌભક્તિના આ અનોખા આયોજનને લઈને સ્થાનિક ભાવિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

દ્વારકાધીશ જગતમંદિરથી આશરે એક કિલોમીટર દૂર આવેલી આ ઐતિહાસિક ગૌશાળા માં સાંજે ૬. વાગ્યાથી કાર્યક્રમનો પ્રારંભ થશે. પ્રસંગ દરમિયાન ગૌમાતાને વિવિધ પ્રકારના ભોગ અર્પણ કરવામાં આવશે તેમજ લાડવા ખવડાવવા નો વિશેષ કાર્યક્રમ પણ યોજાશે. સાથે ગૌપૂજન, વૈદિક મંત્રોચ્ચાર સાથે મહાઆરતી અને અન્ય ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન દ્વારકા રઘુવંશી યુવા મહિલા મંડળ તથા ગૌસેવકોના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આયોજકોના જણાવ્યા મુજબ પુરૂષોત્તમ માસ દરમિયાન ગૌસેવા અને ગૌપૂજનનું વિશેષ ધાર્મિક મહત્વ હોવાથી મોટી સંખ્યામાં ભક્તજનોને આ કાર્યક્રમમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે. યુવા મહિલા મંડળ દ્વારા જ્ઞાતિજનોએ તેમજ સર્વ સમાજના ભાવિકોએ પરિવાર સાથે ઉપસ્થિત રહી ગૌમાતાના દર્શન, ગૌપૂજન અને મહાઆરતીનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગૌસેવાના આ પવિત્ર મનોરથમાં સહભાગી થવા ઇચ્છુક દાતાઓ અને ભાવિકો વધુ માહિતી માટે ટ્રસ્ટી નરેન્દ્રભાઈ કકકડનો સંપર્ક કરી શકે છે.

## જામનગરમાં વસ્તી ગણતરીની કામગીરી વિવાદનું કેન્દ્ર બની

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં વસ્તી ગણતરીની કામગીરી હવે વિવાદોનું કેન્દ્ર બની ગઈ છે. તંત્રના અણઘડ આયોજનની સાથે હવે વહીવટી સ્તરે ચાલતી ભયંકર લાગવગશાહી અને પક્ષપાતના આક્ષેપોથી શિક્ષકોમાં પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે. સરકારી ધારાધોરણો મુજબ દરેક ગણતરીદારને સરેરાશ ૧૫૦ થી ૧૮૦ સુધીના ઘરની ગણતરી સોંપવાની હોય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જામનગરમાં અમુક કમનસીબ ગણતરીદારોના માથે ૪૦૦ થી ૭૦૦ ઘરોનો તોતિંગ બોજ ઝીંકી દેવાયો છે. નવાઈની વાત એ છે કે આટલું આંધળું અશક્ય ભારણ હોવા છતાં તંત્ર દ્વારા તેમના બ્લોકના ભાગ પાડીને કામ હળવું કરવામાં આવતું નથી.. બીજી તરફ, તંત્રની વહાલા-દવલાની નીતિ અહીં જ નથી અટકતી. આજની તારીખે નવા ઓર્ડર પણ જે કર્મચારીઓ સતત બી.એલ.ઓ.ની ફરજ બજાવી રહ્યા છે, તેમને જ વસ્તી ગણતરીના પધરાવીને સતત દોડાવવામાં આવી રહ્યા છે. ઉચ્ચ કક્ષાએ રાજકીય કે આંતરિક લાગવગ ધરાવતા અને બીએલઓની કામગીરી ન કરનારા પાવરફુલ કર્મચારીઓને શરૂઆતથી લઈને આજની તારીખ સુધી માત્ર રિઝર્વમાં રાખીને આરામ આપવામાં આવી રહ્યો છે.

## અનુસંધાન

### હત્યા પ્રયાસ

(પાના નં. ૪ થી આગળ)

છે. ફરિયાદના આધારે મેઘપર પોલીસ મથકના પીઆઇ પી.ટી.જયસ્વાલ સહિતનો સ્ટાફ પ્રથમ જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને ઘટનાની ગંભીરતાને પગલે આરોપી સામે ગુન્હો નોંધ્યા બાદ આરોપીની અટકાયત કરી લીધી હોવાનું પણ જાણવા મળ્યું છે.

### દારૂનો જથ્થો

(પાના નં. ૪ થી આગળ)

જામનગર) અને દિવ્યરાજસિંહ ઘનશ્યામસિંહ પરમાર (ઉ.વ. ૨૭, રહે. શાંતિનગર - ૭, જામનગર) નામના ત્રણ શખ્સોની અટકાયત કરી, પ્રોહિબિશન એક્ટ હેઠળ કાર્યવાહી કરી હતી.

પોલીસ તપાસમાં આરોપી બ્રિજરાજસિંહ સુખદેવસિંહ ગોહિલ સામે અલંગ અને ઘોઘા પોલીસ મથકમાં કુલ છ ગુના તથા દિપક ગોહેલ સામે મેઘપર પોલીસ મથકમાં અને દિવ્યરાજસિંહ પરમાર સામે જામનગર સીટી બી ડિવિઝનમાં એક-એક ગુના નોંધાયા હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર કાર્યવાહી કલ્યાણપુરના પી.આઈ. આર.એન. હાથલિયા, હેડ કોન્સ્ટેબલ નારણભાઈ દેથરીયા, નિલેશભાઈ રાજશીભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી.

### દૂધાળા પશુના આરોગ્ય

(પાના નં. ૪ થી આગળ)

ઓથોરિટીનું કોઈ લાઇસન્સ કે આધાર પુરાવા ન હોય, જેથી પોલીસે પ્રાણી ક્રૂરતા અધિનિયમ નિવારણની કલમ હેઠળ કુલ રૂપિયા ૨૭,૫૦૦ ની કિંમતના ૨૭૫ નંગ ઇન્જેક્શન કબજે કરી, ઉપરોક્ત દુકાનદાર સામે આગળની કાર્યવાહી કરી હતી.

### ટ્રેનો પ્રભાવિત રહેશે

(પાના નં. ૪ થી આગળ)

આવશે. તેથી આ ટ્રેન ઓખા અને દ્વારકા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. અન્ય એક ટ્રેન નં. ૧૯૨૫૨ ઓખા-વેરાવળ એક્સપ્રેસ, જે ૧૧ જૂનના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ મોડેથી રવાના થશે.

### રિલાયન્સ દ્વારા

(પાના નં. ૩ થી આગળ)

રિલાયન્સના પ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રોજેક્ટની વિશેષતા એ છે કે,અહીં એક સાથે ૨૦૦૦થી વધુ લોકો સામાજિક, સાંસ્કૃતિક અને સામુદાયિક કાર્યક્રમો કરી શકે તેવો વિશાળ હોલ બનશે,

ઉપરાંત અહીં વર-કન્યા માટે ખાસ રૂમ, આકર્ષક પ્રવેશદ્વાર, મોટું રસોડું, સ્ટોર રૂમ, વાસણ ધોવાની જગ્યા, પુરુષો અને મહિલાઓ માટે અલગ શૌચાલય,અગ્નિશામક સુરક્ષા (ફાયર સેફ્ટી)ની જોગવાઈ તથા સીસીટીવી સર્વેલન્સ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સાથે અહીં પેવર બ્લોકથી સજ્જ ખુલ્લો વિસ્તાર પણ હશે જેમાં અનેકવિધ કલ્યાણકારી ઈતર પ્રવૃત્તિઓ થઈ શકશે. આ ઉપરાંત, સાતત્યપૂર્ણ વિકાસની પહેલને અનુરૂપ, આ પ્રોજેક્ટમાં વૃક્ષારોપણ માટેના એક લેન્ડસ્કેપ વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

### મોદીના શાસનકાળ

(પાના નં. ૧ થી આગળ)

નક્કી કરવાના આધુનિક સત્રમાં અને સૂક્ષ્મ આર્થિક અસંતુલન પરના સત્રમાં મુખ્ય વક્તા તરીકે ભાગ લેશે. આ વર્ષે G7 સમિટના ઈતિહાસમાં પ્રથમ વખત વૈશ્વિક આરોગ્ય, નાણાકીય ગુનાખોરી અને ગેરકાયદેસર ઈમિગ્રેશન જેવા વિષયોને પ્રાથમિકતાના ધોરણે સામેલ કરવામાં આવ્યા છે. પેરિસમાં આયોજિત યુરોપની સૌથી મોટી ટેકનોલોજી કોન્ફરન્સ 'વાઇવાટેક' માં હાજરી આપ્યા બાદ પીએમ મોદી રવિવારે સ્લોવાકિયા પ્રવાસે જશે, જ્યાં તેઓ ત્યાંના વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે મુલાકાત કરીને ભારતના વૈશ્વિક પ્રભાવને નવી ઊંચાઈએ લઈ જશે.

### કાર્યવાહીની ગર્જના

(પાના નં. ૧ થી આગળ)

જાહેરાત તેમણે ૧૦ જૂનના રોજ પણ કરી હતી. આ આંતરરાષ્ટ્રીય સૈન્ય સંકટ વચ્ચે સૌથી ચોંકાવનારો ખુલાસો કરતા અમેરિકી પ્રમુખે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં કોઈપણ સમયે અમેરિકા ઇરાનના અત્યંત મહત્વપૂર્ણ એવા ખાર્ગ ટાપુ સહિતના અન્ય તમામ મુખ્ય ઓઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પોઇન્ટ્સ પર સૈન્ય કબ્જો જમાવી લેશે. આ વ્યૂહાત્મક કાર્યવાહી બાદ અમેરિકા ઇરાનના સમગ્ર ઓઇલ અને ગેસ માર્કેટ પર પોતાનું સંપૂર્ણ વહીવટી અને આર્થિક નિયંત્રણ સ્થાપિત કરી દેશે. ડોનાલ્ડ ટ્રમ્પે ઇરાન સામેની આ સંભવિત રણનીતિની સરખામણી વેનેઝુએલા સાથે કરી હતી અને જણાવ્યું હતું કે વેનેઝુએલામાં આ જ પ્રકારનો અભિગમ બંને દેશો માટે 'બ્રિલિયન્ટ' એટલે કે શાનદાર રીતે સફળ સાબિત થયો હતો.

### કોંગ્રેસનું 'મોદીના

(પાના નં. ૧ થી આગળ)

મોડેલ' છે. કોંગ્રેસની આ ટીકા ભાજપના નેતાઓ દ્વારા મોદી સરકારનાં ૧૨ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી અને ૪૩૯૯ દિવસના કાર્યકાળની ઉપલબ્ધિઓ ગણાવવાના જવાબમાં આવી છે. ભાજપે આ દરમિયાન કલમ ૩૭૦ રદ કરવી, અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા, ગ્રઈનું વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઇમ પેમેન્ટ સિસ્ટમ તરીકે વિકસવું, GSTનો અમલ અને વંદે ભારત ટ્રેનોની શરૂઆત જેવી ઉપલબ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો.

### ચારેય ઉમેદવારો બિન હરીફ

(પાના નં. ૧ થી આગળ)

પંચે ગુજરાતમાં ભાજપના ચારેય ઉમેદવારોને બિન હરીફ જાહેર કર્યા છે. ગુજરાતમાંથી રાજ્યસભાના કોંગ્રેસના એકમાત્ર સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂનના રોજ પૂરો થઈ રહ્યો છે. પરિણામે, જૂન મહિના પછી રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.

### ધારશી બેરડીયા

(પાના નં. ૧ થી આગળ)

કુલ ૭ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ધારશી બેરડીયા 'નદી પુરાણ' ફિલ્મની શૂટિંગ માટે મહારાષ્ટ્ર પહોંચ્યા હતા. શૂટિંગ પતાવી આખી ટીમ સાથે તેઓ કારમાં પરત ફરી રહ્યા હતા ત્યારે રાત્રિના સમયે ગમખ્વાર અકસ્માત સર્જાયો. અકસ્માત એટલો ભયાનક હતો કે ફોરવ્હીલરનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ દુર્ઘટનામાં ડાયરેક્ટર રમેશ મોદી, મેકઅપ આર્ટિસ્ટ ચંદન, સાઉથ ફિલ્મના કેમેરામેન રાજન અને એડિટર જેન્તી ચૌહાણ સહિત ૭ લોકોને ઇજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક કલાવતી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ગંભીર રીતે ઘવાયેલા ડાયરેક્ટર રમેશ મોદી અને હાસ્ય કલાકાર ધારશી બેરડીયાને ઈઈઅમાં સારવાર માટે ખસેડાયા હતા. હાલ વધુ સારવાર માટે બંનેને મુંબઈની કોકીલાબેન અંબાણી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

જામનગરના ધારશી બેરડીયા આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્ટેન્ડઅપ કોમેડિયન તરીકે ખ્યાતનામ છે. પોતાની આગવી શૈલીથી તેઓ દેશ-વિદેશમાં લોકોને મનોરંજન પૂરું પાડે છે. હાલ તેઓ ફિલ્મોમાં પણ અભિનય કરી રહ્યા છે. 'નદી પુરાણ' ફિલ્મમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આ સમાચારથી જામનગર સહિત સમગ્ર ગુજરાતના કલાપ્રેમીઓ અને તેમના ચાહકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે. સૌ કોઈ તેમના જલ્દી સ્વસ્થ થવાની કામના કરી રહ્યા છે.

### પાકિસ્તાની સેના

(પાના નં. ૧ થી આગળ)

આપ્યા વગર ભીડ પર ગોળીઓ વરસાવી દીધી હતી. પ્રદર્શનકારીઓમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતાં. આ ઘટનાના બાદ રાવલકોટમાં ચારે તરફ હૃદયદ્રાવક દશ્યો જોવા મળ્યાં હતાં. લોહીથી રંગાયેલી સડકો, લોહીલુહાણ ખેતરો અને પોતાના સ્વજનોની શોધમાં ભટકતા પરિવારજનો આ કાર્યવાહીથી થયેલી માનવીય દુર્ઘટનાનું પ્રતીક બની ગયા છે. પાકિસ્તાની સૈનિકો અને રેન્જર્સ દ્વારા AK-47 રાઇફલોથી કરવામાં આવેલા ગોળીબારમાં ઓછામાં ઓછા ૧૬ નાગરિકોનાં મોત થયાં છે અને ૩૭થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘણા સ્થાનિકો માટે આ દુર્ઘટના આજે શરૂ થઈ નથી. શુક્રવારથી ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનો સામે કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૫૩ નાગરિકોના જીવ ગયા હોવાનું જણાવવામાં આવે છે. દરેક આંકડાની પાછળ એક એવો પરિવાર છે જેણે પોતાનો પિતા, પુત્ર, ભાઈ, પુત્રી અથવા મિત્ર ગુમાવ્યો છે. આ હત્યાઓથી સમગ્ર વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે. ખાઈ ગાલા ગામમાં લોકોએ બજારો બંધ રાખ્યાં અને હિંસા વિરુદ્ધ રેલી કાઢી. મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પણ પ્રદર્શનોમાં જોડાયાં અને મૃતકો માટે ન્યાયની માગ કરી. પ્રદર્શનકારીઓએ એક એવું સૂત્ર લગાવ્યું જે સમગ્ર PoKમાં એકતાનું પ્રતીક બની ગયું છે.

## મધ્ય પ્રદેશ રાજ્યસભા ચૂંટણીમાં ભાજપનો ક્લીન સ્વીપઃ કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ્દ થતાં ત્રણેય બેઠકો પર બિનહરીફ વિજય, ગઉઅનો આંકડો ૧૫૦ને પાર

મધ્ય પ્રદેશ કોટાની ત્રણેય રાજ્યસભા બેઠકો પર ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવતાં સંસદના ઉચ્ચ સદનમાં સત્તાધારી પક્ષની તાકાતમાં મોટો વધારો થયો છે. કોંગ્રેસના એકમાત્ર ઉમેદવાર અને પૂર્વ સાંસદ મીનાક્ષી નટરાજને પોતાના ફોર્મમાં વર્ષ ૨૦૨૫ના એક પેન્ડિંગ કોર્ટ કેસની માહિતી છુપાવી હોવાની ભાજપની ફરિયાદ બાદ, રિટર્નિંગ ઓફિસર અરવિંદ શર્માએ ટેકનિકલ ખામીના આધારે તેમનું નામાંકન રદ્દ કરી દીધું હતું અને ભાજપના ઉમેદવારો રજનીશ અગ્રવાલ, તરુણ ચુગ અને મહેશ કેવટને સત્તાવાર રીતે વિજેતા જાહેર કરી પ્રમાણપત્ર સોંપ્યા છે. કોંગ્રેસે આ મામલે સુપ્રિમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે જેની સુનાવણી શુક્રવારે થવાની છે, પરંતુ આ જીત સાથે જ રાજ્યસભામાં ભાજપના સાંસદોની સંખ્યા ૧૧૩થી વધીને ૧૧૬ અને ગઠબંધન ગઉઅની સભ્ય સંખ્યા ૧૪૯થી વધીને ૧૫૨ પર પહોંચી ગઈ છે. આગામી ૧૮ જૂને દેશના ૧૨ રાજ્યોની ૨૬ બેઠકો પર યોજાનારી ચૂંટણી પૂર્વે જ જ્યોર્જ કુરિયન, દિગ્વિજય સિંહ અને સુમેરસિંહ સોલંકીની નિવૃત્તિથી ખાલી પડેલી મધ્ય પ્રદેશની આ ત્રણેય બેઠકો પર ભાજપે કબ્જો મેળવી લીધો છે, જ્યારે વિપક્ષી ગઠબંધન 'INDIA' હાલ ૭૮ સાંસદોના સંખ્યાબળ પર સમેટાયેલું રહ્યું છે.

# આગામી તા.૧૫ જૂનના રોજ ધન્વંતરી ઓડિટોરિયમ ખાતે પ્રભારી મંત્રી મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'

## કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

વિકસિત ભારતના સંકલ્પને લોકસહભાગિતા પ્રાપ્ત થાય અને સમાજના છેવાડાના માનવીને આ રાષ્ટ્રીય સંકલ્પોમાં સક્રિયપણે ભાગીદાર બનાવી શકાય તેવા ઉદાત્ત હેતુ સાથે દરેક જિલ્લા કક્ષાએ 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જામનગર જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આગામી તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ ધનવંતરી ઓડિટોરીયમ હોલ, જામનગર ખાતે યોજાશે. જામનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી તથા રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને આ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે. આ સંમેલનની સાથે-સાથે સરકારશ્રીની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને પ્રગતિશીલ કામગીરીઓની પ્રદર્શની પણ શહેરના ટાઉનહોલ ખાતે મંત્રીશ્રી દ્વારા જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવનાર છે.

આ કાર્યક્રમનું સુચારુરૂપ અને સફળતાપૂર્વક સંચાલન થાય તે હેતુથી જિલ્લા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં પૂર્વતૈયારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટરશ્રી દ્વારા કાર્યક્રમની ઝીણવટભરી વ્યવસ્થાઓ માટે વિવિધ આયોજન સમિતિઓની રચના કરવામાં આવી હતી અને ઉપસ્થિત સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓને જરૂરી ફરજોની સોંપણી કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ વિશેષ વિગતો આપતા જણાવ્યું હતું કે, આ ઉપરોક્ત કાર્યક્રમ કોઈ સામાન્ય યોજનાકીય કાર્યક્રમ નથી પરંતુ એક વિશિષ્ટ 'પ્રબુદ્ધ નાગરિક સંમેલન' છે. આ સંમેલનમાં સમાજના વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો, નિષ્ણાતો અને પ્રતિષ્ઠિત નાગરિકોની ગુણવત્તાસભર ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવામાં આવશે, જેના માટે પ્રભારી મંત્રીશ્રીના પરામર્શમાં એક વિશેષ યાદી તૈયાર કરાશે. આ યાદીમાં પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એવોર્ડ વિજેતા નાગરિકો, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે સન્માનિત વ્યક્તિઓ જેવા કે શ્રેષ્ઠ શિક્ષકો, એવોર્ડ વિજેતા ખેડૂતો, ખેલાડીઓ, ડોક્ટરો અને કલાકારો તેમજ પ્રજાસત્તાક દિન, સ્વાતંત્ર્ય દિન અને ગુજરાત સ્થાપના દિન નિમિત્તે સન્માનિત થયેલા નાગરિકોનો સમાવેશ થશે. આ ઉપરાંત મહિલા સશક્તિકરણ, સામાજિક સેવા, પર્યાવરણ સંરક્ષણ અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો, ડિજિટલ ઈનોવેશન સાથે જોડાયેલા યુવાનો, ગજ્જ/ગઈઈ/સ્કાઉટ-ગાઈડના પુરસ્કૃત વિદ્યાર્થીઓ, પૂર્વ સૈનિકો તેમજ રાષ્ટ્રસેવા અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર અધિકારીઓ અને નાગરિકોને પણ આ સંમેલનમાં ગૌરવભેર સહભાગી કરવામાં આવશે.

બેઠકમાં કલેક્ટરશ્રીએ પ્રોટોકોલ, સ્ટેજ વ્યવસ્થા, પ્રદર્શની સ્ટોલ્સનું સંચાલન, કાયદો અને વ્યવસ્થા તેમજ આમંત્રિત મહાનુભાવોની યાદી તથા અન્ય અનુસંગિક સુવિધા જેવી બાબતો અંગે સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સમગ્ર કાર્યક્રમ અત્યંત સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થાય તે માટે કલેક્ટરશ્રીએ ઉપસ્થિત તમામ અધિકારીગણને ટીમ ભાવના સાથે કામ કરવા પ્રેરિત કરી જરૂરી રચનાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પૂર્વતૈયારી અંગેની બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી વિમલ ચૌધરી સહિત વિવિધ સંલગ્ન વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓનલાઇન અરજીમાં અંગ્રેજી ભાષા ટાઇપ થાય તે અંગે રજૂઆતને સફળતા

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજયમાં ખેતીની જમીન સંબંધે વારસાઈ અંગેની નોંધ દાખલ કરવા માટે તથા હયાતીમાં હક્ક દાખલ કરવા અંગેની નોંધ દાખલ કરવા માટે ઈધછઅ માં ઓનલાઈન અરજી કરવાની રહે છે. અને ઓનલાઈન અરજી કરતી વખતે વારસદારો - હિત ધરાવનારાઓના સરનામા અંગ્રેજી ભાષામાં ટાઈપ થઈ શકતાં નથી.

જેથી જામનગરમાં વકીલાતનો વ્યવસાય કરતાં એડવોકેટ હિરેન ગુઢકાએ પી.એમ.ઓ. પોર્ટલમાં ઓનલાઈન રજુઆત કરેલ હતી કે, ગુજરાત રાજ્યમાં ખેતીની જમીનના અનુસંધાને ગામ નમુના નંબર ૬ મા વારસાઈ અંગેની નોંધ તથા હયાતીમા હક દાખલ કરવા અંગેની નોંધ દાખલ કરાવવા માટેની અરજી કરવા માટે આઇ.ઓ.આર.એ. ઉપર ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ અમલમાં છે.

આ ઓનલાઈન અરજી કરતી વખતે વારસદારો તથા અન્ય હિત ધરાવનારના સરનામા અંગ્રેજી ભાષામાં ટાઈપ થઈ શકતા નથી. અનેક કિસ્સાઓમા વારસદારો તથા અન્ય હિત ધરાવનાર વ્યક્તિઓ અન્ય રાજ્યમાં અથવા વિદેશ વસવાટ કરતા હોય, તેવા કિસ્સાઓમાં અંગ્રેજીમાં સરનામા ટાઈપ થઈ શકે તે અત્યંત જરૂરી છે. જેથી ગુજરાત જમીન મહેસૂલ કાયદાની કલમ ૧૩૫ (ડી) મુજબની નોટીસની બજવણી થવામાં સુગમતા રહે.

જે હકીકત ધ્યાને લઈને આપની કક્ષાએથી જરૂરી આદેશ થવા વિનંતી. તેવી રજુઆત કરતાં તે રજુઆત ઓનલાઈન માધ્યમથી આગળની કાર્યવાહી માટે ગુજરાત સરકારના લેન્ડ રીફોર્મસના સંયુક્ત સચિવને તબદીલ થયેલ હતી. એડવોકેટ હિરેન ગુઢકાની રજુઆતને ધ્યાને લેતાં લેન્ડ રીફોર્મસ દ્વારા ઓનલાઈન એવું જણાવવામાં આવેલ કે, આપની રજુઆતની નોંધ લેવામાં આવેલ છે. તમામ પાસાઓ પર વિચારણા કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે, તેવું જણાવવામાં આવેલ છે. આમ, એડવોકેટ હિરેન ગુઢકાની રજુઆતની લેન્ડ રીફોર્મસ દ્વારા નોંધ લેવામાં આવેલ છે.

# રિલાયન્સ દ્વારા કાનાલુસમાં બે હજાર લોકોની ક્ષમતા સાથેની ગ્રામ સમાજવાડીનું ખાતમુહૂર્ત

## વાડીમાં વર-કન્યા માટે ખાસ રૂમ, મોટું રસોડું, સ્ટોર રૂમ, શૌચાલય સહિતની સુવિધા ઉપલબ્ધ બનશે

**સમય સંદેશઃ જામનગર**



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની 'વી કેર' ભાવના અને સ્થાનિક સમુદાયોના સામાજિક-આર્થિક કલ્યાણને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાના ભાગરૂપે, જામનગર જિલ્લાના કાનાલુસ ગામે એક નવી ગ્રામ સમાજવાડીનું નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન હેઠળ અને ગામની જરૂરિયાતોના વિગતવાર મૂલ્યાંકન બાદ આ પ્રોજેક્ટ શરૂ કરાયો છે. આધુનિક સામુદાયિક સુવિધાના ધ્યેય સાથે ડિઝાઇન કરવામાં આવેલી ગ્રામ સમાજવાડીની તાજેતરમાં યોજાયેલી ખાતમુહૂર્ત વિધિમાં ગામના આગેવાનો, સમુદાયના સભ્યો અને

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં લગ્નની લાલચે યુવતિ ઉપર દુષ્કર્મઃ આરોપી સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર સિટી બી ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી વિગત અનુસાર શહેરના તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં રહેતા રાજવીરસિંહ રાઠોડ નામના ૨૫ વર્ષીય શખ્સ સામે ગુનો નોંધાયો છે. આરોપીનો જામનગરમાં જ રહેતી ૨૨ વર્ષીય યુવતી સાથે વર્ષ ૨૦૨૫ દરમિયાન પરિચય થયો હતો. પરિચય બાદ બંને વચ્ચે મિત્રતા ગાઢ બનતા પ્રેમસંબંધ બંધાયો હતો. બંને છેલ્લા એક વર્ષથી પ્રેમસબંધમાં હતા. આ દરમિયાન આરોપીએ યુવતીને પોતાની સાથે લગ્ન કરવાની ખાતરી આપી વિશ્વાસમાં લીધી અને લગ્નની લાલચ અને વચનો આપીને આરોપીએ યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. સતત એક વર્ષથી વધુ સમય સુધી બંને સંપર્કમાં રહ્યા બાદમાં આરોપીએ એકાએક લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આરોપીએ પોતાની સાથે વિશ્વાસઘાત કર્યાની જાણ થતાં આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. યુવતીની ફરિયાદના આધારે સિટી બી ડિવિઝન પોલીસે આરોપી સામે દુષ્કર્મ સહિતની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીની અટકાયત કરી લીધી છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર જિલ્લામાં ત્રણ યુવતિ, એક આધેડ લાપત્તા

## જુદા-જુદા પોલીસ મથકે જાણ કરાયા બાદ પોલીસ દ્વારા ગુમ થનારની શોધખોળ હાથ ધરાઇ

**સમય સંદેશઃ જામનગર**



જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના રોલ ખારવા રોડ પર આવેલ વૈભવ રેસીડેન્સીમાં રહેતા દિલીપભાઈ ખેલાભાઈ ખાવડા નામના ૫૦ વર્ષીય વેપારીની દીકરી જાનવી નામની ૨૦ વર્ષીય યુવતી એકાએક લાપતા બની હોવાની ધ્રોલ પોલીસમાં જાણ કરાય છે. તારીખ ૩૧ ૫ ૨૦૨૬ ના બપોરે ત્રણ વાગ્યાની આસપાસ જાનવી પોતાના ઘરે હતી અને કોઈને પણ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

આથી પરિવારજનોને જાણ થતા તાત્કાલિક પાડોશી પાડોશી અને આજુબાજુના તથા સગા સંબંધીઓને જાણ કરવામાં આવી હતી જોકે છતાં પણ યુવતીની ભાળ ન મળતા અને મામલો ધ્રોલ પોલીસ પહોંચ્યો છે હાલ પોલીસે તપાસ હાથ ધરી છે.

આ સિવાઈ લાલપુર તાલુકાના ડેરા શિકારી ગામે ગ્રામ પંચાયતની બાજુમાં રહેતા ગીતાબેન વિજયભાઈ રાઠોડ નામના ૫૧ વર્ષીય મહિલાની દીકરી કિંજલબેન રાઠોડ નામની ૨૩ વર્ષથી ગત તા. ૨ ૬ ૨૦૦૨૬ ના રોજ બપોરે પોતાના ઘરે હતી અને બારેક વાગ્યા બાદ તે ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી. આથી પરિવારજનો દ્વારા સગા સંબંધીઓને ટેલીફોનિક સંપર્ક સાધવા છતાં પણ યુવતી નો પત્તો ન લાગતા અંતે મેઘપર પોલીસમાં જાણ કરવામાં આવી છે હાલ પોલીસે યુવતીની શોધખોળ હાથ ધરી છે.

આ ઉપરાંત જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય યુવતી અચાનક ઘરેથી નીકળી જતાં ગુમ થઈ હોવાની જાણ જામનગર સિટી 'બી' ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. ગુલાબનગર, રામવાડી શેરી નં. ૪ ખાતે રહેતી મુસ્કાન વિજયભાઈ કશ્યપ (ઉ.વ. ૧૮) તા. ૧૦ જૂનના રોજ સવારે આશરે ૮:૩૦ વાગ્યે કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી.

પરિવારજનોએ શોધખોળ કરવા છતાં તેણીનો કોઈ પત્તો ન લાગતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પરિવારને શંકા છે કે મુસ્કાન ઉત્તર પ્રદેશના ફખાબાદ જિલ્લાના હાઈપુર ગામના સુમિત કશ્યપ નામના યુવક સાથે ગઈ હોઈ શકે છે. યુવતી હિન્દી ભાષા વાંચી અને લખી શકે છે.

# જામનગરમાં ગોલ્ડન સિટીમાંથી સાત મહિલા જુગારી ઝડપાઈ

**સમય સંદેશઃ જામનગર**

સિટી સી-ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફને બાતમી મળી હતી કે જામનગરના ગોલ્ડન સિટી ના ગોલ્ડન નેસ્ટ એપાર્ટમેન્ટના બીજા માળે રહેતી દિવ્યાબા પ્રવીણસિંહ જાડેજા પોતાના રહેણાંક ફ્લેટમાં બહારથી મહિલાઓને બોલાવી ગંજીપત્તાના પાના વડે તીન પત્તીનો જુગાર રમાડી રહી છે.

જે બાતમીના આધારે પોલીસે રેડ પાડી દરોડા દરમિયાન ફ્લેટના હોલમાં સાત મહિલાઓ ગોળ કુંડાળું વળી જુગાર રમતી ઝડપાઈ હતી. તપાસ દરમિયાન ફ્લેટ માલિક દિવ્યાબા પ્રવીણસિંહ જાડેજાના કબજામાંથી જુગારની નાલની રકમ સહિત રૂ. ૮,૭૫૦ મળી આવ્યા હતા. આ ઉપરાંત અન્ય મહિલા આરોપીઓ પાસેથી પણ રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી.

જેમાં નસીમબેન ઇબ્રાહીમભાઈ દલ પાસેથી રૂ.૩,૭૫૦, મધુબેન જેરામભાઈ વાછાણી પાસેથી રૂ.૪,૮૦૦, આશાબેન યોગેશભાઈ મેવાણી પાસેથી રૂ.૪,૭૫૦, લતાબેન હરીશભાઈ હિંદુજા પાસેથી રૂ.૫,૪૫૦, આનંદબા રાજેન્દ્રસિંહ ઝાલા પાસેથી રૂ.૪,૪૫૦ તેમજ લીલાબેન ધિરેનભાઈ ઠાકર પાસેથી રૂ.૪,૨૦૦ રોકડા મળી આવ્યા હતા. પોલીસે તમામ મહિલાઓ પાસેથી કુલ રૂ.૩૬,૧૫૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં લબ્ધપ્રતિષ્ઠિત લાલ પરિવાર દ્વારા પાંજરાપોળને લીઝ ઉપરની જમીન પરત અપાઇ

**સમય સંદેશઃ જામનગર**


તસવીરઃ હિરેન ગાંધી

જામનગર શહેરમાં બે દાયકા જેટલા સમયથી 'ભૂમિ' સાંધ્ય દૈનિક ચલાવતા શ્રીજી ન્યુઝ પબ્લીકેશન (ગુજરાત) પ્રા.લી.ના સંચાલક અને શહેરના અગ્રણી ઉદ્યોગપતિ અશોકભાઇ હરિદાસ લાલ પાસે મુળ જામનગર પાંજરાપોળની માલીકી અને જામનગર મહાનગરપાલિકા દ્વારા લીઝ પર અપાયેલી ૩૪૦૦ ફુટ જમીન કબજા ભોગવટા હેઠળ હતી. પરંતુ લાલ પરિવારે ભૂમિ કાર્યાલય પોતાની માલીકીની જગ્યામાં સ્થળાંતરિત કરતાં આ ૩૪૦૦ ફુટ જગ્યા ખાલી થઇ હતી. બીજી તરફ જામનગર પાંજરાપોળને ગાયોની સવલત-સુવિધા માટે જગ્યાની જરૂર ઉભી થઇ હોવાથી લાલ પરિવારના વડિલ માતુશ્રી મંજુલાબેન લાલ, મોભી અશોકભાઇ લાલ તેમજ જીતુભાઇ લાલે આ ખાલી થયેલી જગ્યા પાંજરાપોળને સ્વેચ્છાએ સુપ્રત કરવા નિર્ણય કર્યો હતો.

શહેરના લીમડાલાઇન સ્થિત પાંજરાપોળના હોલમાં આ માટે યોજાયેલા કાર્યક્રમમાં લાલ પરિવારે આ જગ્યા ખાલી કબ્જે સ્વેચ્છાએ સુપ્રત કરી છે. આ કાર્યક્રમમાં પોતાના વિચારો રજુ કરતાં 'ભૂમિ' દૈનિકના તંત્રી અશોકભાઇ લાલે કહ્યું હતું કે...ગૌ સેવા જેવું કોઇ ઉમદા કાર્ય નથી, તેવા સંસ્કાર અમારા માતા-પિતાએ આપેલા છે. જેની પ્રેરણાથી જામનગર પાંજરાપોળને તેમની માલીકીની જમીન સુપ્રત કરીએ છીએ. તેઓએ યુવા પેઢીને સંસ્કાર અને સંસ્કૃતિના જતન માટે તેમજ બચતની ટેવ કેળવવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં લાલ પરિવારનું જામનગર પાંજરાપોળ વતી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મંત્રી વિજયભાઇ પાલાએ શાબ્દીક પ્રવચન કરવા સાથે આ જગ્યા અંગેની વિગતો આપી હતી.

આ કાર્યક્રમમાં લાલ પરિવારના માતુશ્રી મંજુલાબેન હરિદાલ (બાબુભાઇ) લાલ તેમજ ઉદ્યોગપતિ અશોકભાઇ લાલ, જીતુભાઇ લાલ તેમજ જામનગર પાંજરાપોળના ટ્રસ્ટીઓ મનસુખભાઇ પટેલ (ઉપપ્રમુખ), પરાગભાઇ પટેલ (ખજાનચી), ચંદુભાઇ બારદાનવાળા, રમેશભાઇ બારદાનવાળા, વિજયભાઇ પટેલ, ગિરીશભાઇ ગણાત્રા, પ્રકાશભાઇ તન્ના વગેરે સાથે ગૌ પ્રેમી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર પાંજરાપોળ વર્ષ ૧૯૬૬માં નગરપાલિકાને લીમડાલાઇન સ્થિત ૧૩૯૭૪ ફુટ જગ્યા લીઝ પર આપી હતી. આ લીઝની મુદ્દત આશરે ૧૦ વર્ષ જેટલા સમય પહેલા પૂર્ણ થઇ ગઇ હોવાથી આ ૧૩૯૭૪ ફુટ જગ્યા પરત મેળવવા માટે પાંજરાપોળ દ્વારા મહાનગરપાલિકા સામે હાઇકોર્ટમાં કાનૂની જંગ જામ્યો છે. જેનો નિર્ણય હજુ આવવાનો બાકી છે. આ પરિસ્થિતિ વચ્ચે શહેરના પ્રતિષ્ઠિત લાલ પરિવારે પોતાના કબ્જા હેઠળની મોકાની અને કિંમતી ૩૪૦૦ ફુટ જગ્યા લીઝ પૂર્ણ થઇ થઇ હોવાથી મુળ માલીક જામનગર પાંજરાપોળને સુપ્રત કરીને આ મામલામાં નવતર પહેલ કરી છે.

# ખીમાણી સણોસરા ગામે પરપ્રાંતિય યુવતિનું ઝેરી જનાવર કરડી જતાં મોત

## વાડી કામ દરમિયાન કુદરતી હાઝતે ગઈ હતી ત્યારે કોઈ ઝેરી જનાવર કરડ્યું

**સમય સંદેશઃ જામનગર**

દાહોદ જિલ્લાના ગરબાળા તાલુકાના ટૂંકી વજુ ગામના મૂળ વતની અને હાલમાં રાજસ્થળી ગામ નજીક ગોરધનભાઈ નાનજીભાઈ કોઠીયાની વાડીમાં રહેતા રશીલાબેન દીલીપભાઈ ખરાડ નામના ૨૪ વર્ષીય યુવતી ખેત મજૂરીનું કામ કરતી હતી.

તા. ૧૦ જૂન ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૧૫ વાગ્યાના સમયે ખીમાણી સણોસરા ગામેં વાડીમાં કામ દરમિયાન કુદરતી હાઝતે ગયા હતાં ત્યારે કોઈ ઝેરી જનાવર કરતી જતા ગંભીર હાલત થઈ હતી. ઝેરી જનાવર કરડતાં રશીલાબેન બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે દીલીપભાઈ ખરાડ એ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમા જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.


# કાલાવડના હોમગાર્ડના જવાનોને જાગૃતતા બદલ બિરદાવાયા

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ ટાઉન વિસ્તારના સિનેમા રોડ, શરદ ગરબી ચોક પાસે, લાકડાના બેન્સામાં વિકરાળ આગ લાગેલ હતી.! જેની જાણ રાત્રી ફરજ પર તૈનાત કાલાવડ યુનિટના હોમગાર્ડઝ જવાનોને થતાં જ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરીને તેની સાથે રૂબરૂ અને સ્થળ ઉપર પહોંચીને ફાયર બ્રિગેડના જવાનો સાથે જહેમત ઉઠાવીને આગ ઉપર કાબુ મેળવવા મદદરૂપ બન્યાં. આગને કાબુમાં લેવા અંગેની કામગીરીમાં કાલાવડ યુનિટના હોમગાર્ડઝ સભ્યો આઈ.પી.જાડેજા, આર.કે.ગધેથરીયા, જી.આર.ગોસાઈ, જે.પી.પુભડિયા, ડી.એસ. બોસમિયા, જી.પી.બોસમિયા, એફ.એમ. ભટી, જે.ડી.ટકરીયા, એસ.એમ.દાણીધારીયા વગેરે આ કામગીરીમાં ફાયર વિભાગના કર્મચારીઓ સાથે મદદ માં જોડાયા હતા અને આગ પર કાબુ મેળવેલ હતો.! જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ તમામ હોમગાર્ડઝને સતર્ક રહી ફરજ બજાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જામનગરમાં બોર્ડની પુરક પરીક્ષાનો ગઈકાલથી પ્રારંભ થયો


તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો જેમાં ગણિતના પેપરમાં ૧૬૩૬ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. તે જ રીતે ધો.૧૨ના આંકડા શાસ્ત્રના પેપરમાં ૩૧૮ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે સંસ્કૃત પાઠશાળાના એક વિદ્યાર્થી ગણિત વિષયના પેપરમાં હાજર રહ્યો હતો. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ગાંધીનગર દ્વારા ધો.૧૦ અને ૧૨ની જૂન-૨૦૨૬ની પૂરક પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જામનગરની જુદી-જુદી શાળાઓમાં આજે સવારે ધો.૧૦ની ગણિતના વિષયની પરીક્ષાના પેપરમાં કુલ ૨૦૭૧ પરીક્ષાર્થીઓમાંથી ૧૬૩૬ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૪૩૫ ગેરહાજર હતા. તે જ રીતે ગણિતના પેપરમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓ હાજર હતા. જયારે ૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સંસ્કૃત પાઠશાળાનો એક વિદ્યાર્થી ગણિતના વિષયની પરીક્ષામાં હાજર હતો. ધો.૧૨ના આંકડા શાસ્ત્રના પેપરમાં કુલ ૩૧૮ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૭૨ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો અને જાહેરનામું પણ બહાર પાડી દેવાયું હતું. શિક્ષણતંત્ર દ્વારા પરીક્ષા અંગેની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી દેવાઇ હતી.

# વડાપ્રધાનના સફળ કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થતાં બાલા હનુમાન મંદિર ખાતે મહાઆરતી







તસવીરઃ હિરેન ગાંધી

ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના સફળ કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરને વધાવવા માટે જામનગરના વૈભવ સમાન અને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન ધરાવતા સુપ્રસિદ્ધ શ્રી બાલા હનુમાન સંકીર્તન મંદિર ખાતે એક ભવ્ય અને દિવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જનાર વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને દેશની અવિરત પ્રગતિની મનોકામના સાથે યોજાયેલી આ મહાઆરતીમાં જામનગરના ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરી, મહાનગરપાલિકાના મેયરશ્રી મોનિકાબેન વ્યાસ તેમજ મનપાના વિવિધ સમિતિઓના પદાધિકારીઓ, અગ્રણીઓ સહિત ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને રાષ્ટ્રપ્રેમી નગરજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા અને મંત્રઉચ્ચાર તેમજ જયશ્રી રામના નારાઓ સાથે સંપન્ન થયેલી આ મહાઆરતીમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો અને ભક્તોએ બાલા હનુમાનજીના ચરણોમાં શીશ ઝુકાવી વડાપ્રધાનના સબળ નેતૃત્વમાં ભારત વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બને તેમજ જામનગર સહિત સમગ્ર દેશમાં સુખ, શાંતિ અને ખુશહાલી જળવાઈ રહે તેવી મંગલ પ્રાર્થના કરી હતી.

# જામનગરના કાના છીકારી પાસે કાચની બોટલ-છરીના ઘા ઝીંકી હત્યા પ્રયાસ

## કંપનીના પૂર્વ કામદાર સહિત ચાર શખ્સો તૂટી પડ્યાંઃ કંપનીમાં ટ્રેકટર ડ્રાઈવર તરીકે સરખું કામ ન કરતાં સેફ્ટી ઈન્ચાર્જ એવા ફરિયાદીએ કંપનીના વોટ્સએપ ગૃપમાં ફરિયાદ કરેલી, જેનો ખાર રાખી યુવાનની બાઈક સાથે કાર અથડાવી અકસ્માત કર્યા બાદ હુમલો કરાયોનો ફરિયાદમાં ઉલ્લેખ


**સમય સંદેશઃ જામનગર**

લાલપુર તાલુકાના ડેરાછીકારી ગામેં રહેતા અને રીલાયન્સ કંપનીમાં પેટા કોન્ટ્રાકટમાં કામ કરતી ઋદ્ધજ રીન્યુએબલ્સ પ્રા. લી. કંપનીમાં શીફ્ટ ઈન્ચાર્જ તરીકે પ્રાઈવેટ નોકરી કરતા અજયસિંહ ગુલાબસિંહ જાડેજા આરોપી હરીશ ખેતસીભાઈ દોસાણી (રહે.જામનગર) તથા અજાણ્યા ત્રણ શખ્સો સામે કરેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ગઈકાલે સવારે ફરિયાદી યુવાન તથા ગામના વિનોદ રાઠોડ બાઈક લઈને જતા હતા. ત્યારે આરોપીઓએ ફિલ્મી ઢબે કાર સાથે બાઈક અથડાવી અકસ્માત કર્યો હતો. બાદમાં કંપનીમાં કામ કરતા હરીશે ફરિયાદીને કહ્યું કે તારે મને મળવું હતું ને હાલ હું તને મળવા આવ્યો. તેમ કહી લાતોપાટો કરી હરીશે પેન્ટના નેફામાંથી છરી કાઢી છરી વડે હુમલો કર્યો હતો. અફન્ય એક આરોપીએ કાચની બોટલનો છૂટો ઘા માર્યો હતો.

ફરિયાદી ભાગવાનો પ્રયાસ કરતા આરોપીઓએ રસ્તામાં આંતરી લઈ ફરી લમધાર્યો હતો. હરીશ દોસાણીએ છરી કાઢી આજે તો તારું પૂરું કરી નાખવું તેમ કહી છરીનો ઘા મારવાનો પ્રયાસ કર્યો હતો તેવામાં લોકો ભેગા થઈ જતા આરોપીઓ નાશી છૂટ્યા હતા. હરીશભાઈ દોસાણી ફરિયાદીની કંપનીમાં ટ્રેક્ટરમાં ડ્રાઈવિંગ કરતો હોય અને તેણે પોતાનું કામ બરાબર નહીં કરી જ્યાં ટ્રેક્ટર ખાલી કરવાનું હતું તે જગ્યાએ ખાલી નહીં કરી અન્ય જગ્યાએ ટ્રેક્ટર ખાલી કર્યું હોવાથી કંપનીના વોટસઅપ ગ્રુપમાં શિફ્ટ ઈન્ચાર્જ તરીકે ફરિયાદીએ જાણ કરતા હરીશ દોસાણીને સસ્પેન્ડ કરાયો હતો. સિફ્ટ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા ફરિયાદી અજયસિંહે પોતાની કંપનીમાં કામ કરતાં આરોપી એવા હરીશભાઈની કામગીરીને લઇ ગૃપમાં જાણ કર્યા બાદ કંપની દ્વારા હરીશભાઇને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં જે બાબતનો વેર વાળવા માટે આરોપી હરીશે પોતાના મળતિયાઓ સાથે આ પ્રકારનું કૃત્ય કર્યું હોવાની ફરિયાદ નોંધાઇ

અનુ પાના નં.૨ પર

# જામ્યુકોની નવી નવેલી બોડીની પ્રથમ સ્ટેન્ડિંગઃ ૩.૮૦ કરોડના કામો મંજૂર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં કુલ રૂપિયા ૩ કરોડ ૮૦ લાખ ના ખર્ચ અને રૂપિયા દસ લાખ ની આવક ની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક તા.૧૦-૦૬-૨૦૨૬ ના ચેરમેન ધીરેનકુમાર પી. મોનાણી ના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૨ સભ્યો ઉપરાંત મેયર મોનીકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, કમિશ્નર દિપેશ કેડીયા, ડે.કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, આસી. કમિશ્નર (વ.) મુકેશભાઈ વરણવા હાજર રહ્યા હતાં

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાંટ અન્વયે સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૭) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અન્વયે રૂા.૨૦૦ લાખ, રોડ સ્વીપર મશીનના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના કામ માટે રૂ.૪૬.૮૨ લાખ, જામનગર મહાનગરપાલિકાની લાઈટ શાખાની મેઈન્ટેનન્સ કામગીરી માટે ઈલેકટ્રીક લાઈટ આઈટમ ખરીદ કરવા વર્ષ ૨૦૨૬-૨૭ ના વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અંગે રૂા. ૪૦ લાખ., જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાના બોરીંગ વિભાગ માટે ગેલ્વેનાઈઝ પાઈપ તથા બોરીંગ/યુનિસેફ આઈટમ ખરીદ કરવા વર્ષ ૨૦૨૬-૨૭ ના વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અંગે રૂા. ૧૫ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. જામનગર મહાનગર સેવા સદન ની જુદી જુદી શાખાઓ પાસે રહેલ જુદા જુદા પ્રકારનો ભંગાર માલસામાન નિકાલ (વેચાણ) કરવાનું કામ વર્ષ ૨૦૨૬-૨૭ ના વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત મંજૂર કરવામાં આવતા રૂ.૧૦ લાખની આવક થશે.

જામનગર મહાનગરપાલિકાની જુદી જુદી શાખાઓ માટે ઓફીસ ફર્નિચર આઈટમ ખરીદ કરવા વર્ષ ૨૦૨૬-૨૭ ના વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અંગે રૂા.૧૦ લાખ, શહેરની હયાત સ્ટ્રીટ લાઈટનું ઓપરેશન મેઈન્ટેનન્સ કામગીરી માટે ૩ માસનું એક્સ્ટેંશનની દરખાસ્ત માન્ય રાખી રૂ.૫૧.૬૧ લાખનું ખર્ચ તથા પોલીટેકનીક કોલેજ, રેલ્વે ક્રોસિંગ થી બેડી પોર્ટ જંકશન સુધી લાઈટીંગ કામ અંગે રૂા.૧૬.૬૧ લાખ ના ખર્ચ મંજુર રાખવામાં આવ્યું હતું આમ સ્ટેન્ડિંગ કમિટીની પ્રથમ બેઠકમાં કુલ રૂ.૩ કરોડ ૮૦ લાખના ખર્ચની અને રૂ.૧૦ લાખની આવકની દરખાસ્તોને મંજૂર કરવામાં આવી હતી.

# 'જામ્યુકો'ની એડવાન્સ ટેક્સ રીબેટ યોજનામાં જામનગરીઓએ ૨.૬૬ કરોડનું રીબેટ મેળવ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ૧લી મેથી શરૂ થયેલી એડવાન્સ ટેકસ રીબેટ યોજના અંતર્ગત લગભગ ૪૦ દિવસમાં ૪૫,૮૬૮ લોકોએ રૂા. ૨૪.૫૮ કરોડનો વેરો ભરી રૂા. ૨.૬૬ કરોડનુ રીબેટ મેળવ્યુ છે.યોજનાના હવે અંતિમ વીશ દિવસ બાકી રહયા છે ત્યારે મનપા દ્વારા મુખ્ય કચેરી સહિત જુદા જુદા પાંચ સીવીક સેન્ટર ખાતે પણ વૈરો ભરવા માટે સુવિધા ઉપલબ્ધ બનાવાઈની છે.

જામનગર મહાપાલિકા દ્વારા રીબેટ ટ યોજના આગામી ૩૦મી જુના સુધી અમલી રહેશે.ગ્રીન એનજીર્માં પ્રોત્સાહન સ્વરૂપે તા.૩૧મી માર્ચ ૨૦૨૬ અગાઉ રહેણાંક તથા બિન રહેણાંક મિલકતોમાં સોલાર અને સોલાર રૂફટોપ એનર્જી સીસ્ટમ વ્યકિતગત ધોરણે ઈન્સ્ટોલ કરવામાં આવ્યુ હોય, તેઓને એકવાર હાઉસ ટેક્સના ધોરણે ૫ ટકા વધારાનુ રીબેટ આપવામાં આવશે.સતત ત્રણ વર્ષ સુધી એડવાન્સ ટેક્સ ભરનારને વધારાનુ બે ટકા રીબેટ અપાશે.

વર્ષ ૨૦૦૬ પહેલાની રેન્ટ બેઈઝ મુજબ બાકી મિલ્કત વેરા/ વોટર ચાર્જ પર ૧૦૦ ટકા વ્યાજ માફી યોજના અને ૨૦૦૬ પછી કારપેટ બેઈઝ મુજબ બાકી મિલકત વેરા/ વોટર પાર્જ પર ૩૩ ટકા વ્યાજમાફી યોજના ચાલુ હોય તેનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

# જિલ્લા અને તાલુકા પંચાયતમાં પ્રાઈસા સોફટવેર બંધ રહેતા હિસાબી કામ ઠપ્પ

**સમય સંદેશઃ જામનગર**

વર્ષ ૨૦૨૬-૨૭ શરૂ થયું ત્યારથી સરકારી કચેરીઓમાં ઉપયોગમાં લેવાતું 'પ્રાઈસા' સોફ્ટવેર ઓફિસ સમય દરમિયાન સતત બંધ રહેતું હોવાની ગંભીર ફરિયાદ સામે આવી છે. સોફ્ટવેર બંધ રહેવાના કારણે તાલુકા અને જિલ્લા પંચાયતના કરોડો રૂપિયાના નાણાકિય કામગીરીને બ્રેક લાગી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. કર્મચારીઓનું કહેવું છે કે, સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ સુધીના ઓફિસ સમયમાં પ્રાઈસામાં કોઈ પણ પ્રકારની કામગીરી થતી નથી.

પંચાયત વિભાગની તમામ હિસાબી કામગીરી માટે 'પ્રાઈસા' સિસ્ટમ મુખ્ય આધાર છે. પરંતુ છેલ્લા બે મહિનાથી ઓફિસ સમય દરમિયાન સિસ્ટમ લોગીન થતી નથી કે થાય તો તરત જ લોગઆઉટ થઈ જાય છે. પરિણામે અરજદારોના કામો પેન્ડિંગ રહે છે અને કર્મચારીઓને કામ ''વિના બેસી રહેવાની નોબત આવે છે. આશ્ચર્યની વાત એ છે કે, આ જ સિસ્ટમ રજાના દિવસે અથવા ઓફિસ સમય બાદ સાંજે ૬ વાગ્યા પછી બરાબર ચાલુ થઈ જાય છે. રાત્રે ૮ થી ૧૧ દરમિયાન કામગીરી સામાન્ય રીતે થઈ શકે છે. આ કારણે કર્મચારીઓને નાછૂટકે રજાના દિવસે કે મોડી રાત સુધી કચેરીએ રોકાઈને કામ પૂરું કરવું પડે છે.

આ સમસ્યાને લઈને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. જિલ્લા તંત્ર દ્વારા તમામ કચેરીના વડાઓને સૂચના આપવામાં આવી છે કે 'પાઈસા' ઓફિસ સમય દરમિયાન ચાલુ થાય તે માટે તાત્કાલિક 'પ્રાઈસા સપોર્ટ'માં ઓનલાઈન કવેરી નોંધાવે. કવેરી નોંધાવ્યાનો સ્ક્રીનશોટ લઈને ઓફિસના વોટ્સએપ ગ્રુપમાં મોકલવાનો રહેશે જેથી ફોલોઅપ લઈ શકાય.અધિકારીઓના મતે સર્વર લોડ અથવા ટેકનિકલ કારણોસર સમસ્યા સર્જાતી હોય પ્રાઈસા સ્ટેટ ટીમને આ અંગે જાણ કરવામાં આવી છે. ઓફિસ સમયે સિસ્ટમ ધમધમતી થાય તે માટે કાર્યવાહી કરવા તાકીદ કરવામાં આવી છે, જેથી પ્રજાના કામો અટકે નહીં અને કર્મચારીઓને પણ રાહત મળે.

# દ્વારકાના ભોગાત ગામે દૂધાળા પશુના આરોગ્ય માટે નુકશાનકર્તા ઈન્જેકશનો સાથે એક પકડાયો

## એસઓજીએ ૨૭૫ નંગ ઈન્જેકશન કબજે લઈ ગુનો નોંધ્યા

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. વી.એ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. ભીખાભાઈ ગાગીયા, કાનાભાઈ માડમ તથા સુમાતભાઈ ભાટિયાને મળેલી બાતમીના આધારે કલ્યાણપુર તાલુકાના ભોગાત ગામે આવેલી મેઈન બજારમાં ''બંસી ટ્રેડર્સ'' નામની અનાજ કરિયાણાની દુકાન ધરાવતા ભરત આલાભાઈ વરુ (રહે. ગોજીનેશ વાડી વિસ્તાર) ની દુકાનમાં ચેકિંગ કરવામાં આવતા આ દુકાનમાંથી કેટલાક સફેદ પારદર્શક પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની બોટલો (ઈન્જેક્શન)નો જથ્થો મળી આવ્યો હતો.

જે અંગેની તપાસમાં ઉપરોક્ત ઈન્જેક્શન ગાય, ભેંસ જેવા દુધાળા પશુઓ થકી વધુ આર્થિક લાભ મેળવવા માટે કુદરતી રીતે પશુઓને પીડા આપી, દૂધ ઉત્પાદન વધારનારા આ પ્રતિબંધિત ઈન્જેક્શનનો હતા. આમ ઉપરોક્ત દુકાનદાર



ભરતભાઈ વરુ દ્વારા ગેરકાયદેસર ઈન્જેક્શનનો જથ્થો રાખી, વેચાણ કરવા માટે કોઈ સક્ષમ

અનુ પાના નં.૨ પર

# કલ્યાણપુર નજીક થારમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## દારૂની ૧૪૬ બોટલ સાથે ત્રણ ઝડપાયાઃ રૂ. ૧૬.૩૭ લાખનો મુદ્દામાલ કબજે

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર પંથકમાં સ્થાનિક પી.આઈ. આર.એન. હાથલીયાના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પોલીસ સ્ટાફના નારણભાઈ દેથરીયા અને નિલેશભાઈ ગોજીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર ગામેથી રાવલ તરફ જઈ રહેલી સફેદ કલરની એક થાર મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ મોટરકારમાંથી વિદેશી દારૂની ૫૪ મોટી બોટલ તથા ૧૯૨ નાની બોટલ મળી આવી હતી.





આથી પોલીસે કુલ રૂપિયા ૧૦૭,૪૦૦ ની કિંમતના પરપ્રાંતિય શરાબ તથા રૂપિયા ૧૫ લાખની કિંમતની મહિન્દ્રા થાર મોટરકાર અને રૂ. ૩૦,૦૦૦ ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૧૬,૩૭,૪૦૦ ના મુદ્દામાલ સાથે બ્રિજરાજસિંહ સુખદેવસિંહ ગોહિલ (ઉ.વ. ૨૬, રહે. ઓદરકા, તા. ઘોઘા, ભાવનગર) તથા દીપક છગનભાઈ ગોહેલ (ઉ.વ. ૨૬, રહે. આંબાવાડી, મોટી ખાવડી,

અનુ પાના નં.૨ પર

# જામનગરના એસ.ટી. બસ કન્ડકટરનું મુસાફરી દરમિયાન હૃદયરોગના હુમલાથી મૃત્યુ

## સુરત-જામનગર રૂટની બસમાં પરત ફરતી વેળાએ ચોટીલા પહેલાં તેઓને છાતીમાં ગભરામણ થતાં બેભાન થઈ ઢળી પડ્યાઃ એસ.ટી. પરિવારમાં શોક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એસટી ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા અને શહેરના વલ્લભ પાર્ક વિસ્તારમાં રહેતા વિરેન્દ્રભાઈ હિંમતલાલ જાની (ઉંમર ૫૫ વર્ષ) મંગળવારે સુરત-જામનગર રૂટની બસમાં ફરજ પર હતા. ત્યારે રામપરા બેટી પુલ પાસે બસ પહોંચી ત્યારે અચાનક તેમને છાતીમાં ગભરામણ થવા લાગી. ત્યારબાદ બસને કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવી હતી. ત્યાં તેઓ બેભાન થઈ જતાં તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. પરંતુ બેભાન હાલતમાં જ તેમનું મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ ડ્રાઈવર દ્વારા એસટી વિભાગને કરવામાં



આવતાં અધિકારી-કર્મચારીઓ રાજકોટની સિવિલ હોસ્પિટલે દોડી ગયા હતા, અને પરિવારને જાણ કરતા પરિવાર પણ રાજકોટ પહોંચી ગયો હતો. બાદમાં પોસ્ટમોર્ટમ કરીને મૃતદેહ જામનગર લઈ જવામાં આવ્યો હતો. ક્યાં ગઈકાલે તેઓની અંતિમ યાત્રા નીકળી હતી ત્યારે ભારે સર્જાયા હતા પરિવારજનો અને કુટુંબીઓ ઉપરાંત એસટી વિભાગના અન્ય કર્મચારીઓ પણ અંતિમયાત્રામાં જોડાયા હતા. મૃતક કંડક્ટરને ત્રણ સંતાનો છે બે દીકરીઓ આયુષી, શિવાની અને એક પુત્ર જનન છે. જેઓ એ પિતાનું છત્ર ગુમાવ્યું છે મૃતકના મોટાભાઈ પણ એસટી ડિવિઝનમાં જ નોકરી કરતા હતા, અને તેઓ થોડા સમય પહેલા જ નિવૃત્ત થયા છે.

# દ્વારકા-ભીમરાણા રેલવે એકશનમાં બ્લોકથી અનેક ટ્રેનો પ્રભાવિત રહેશે

**સમય સંદેશઃ દ્વારકા**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ દ્વારકા અને ભીમરાણા સ્ટેશનો વચ્ચે વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે પુલિયા નિર્માણ કાર્ય અંતર્ગત આર.સી.સી. બોક્સ સ્થાપિત કરવાની મહત્વપૂર્ણ આધારભૂત સુવિધા સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે.

આ બ્લોકને કારણે પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતોમાં ટ્રેન નં. ૧૯૨૦૯ ભાવનગર ટર્મિનસ - ઓખા એક્સપ્રેસ, જે ૧૦ જૂનના રોજ ભાવનગર ટર્મિનસથી નીકળશે, તેને દ્વારકા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. તેથી આ ટ્રેન દ્વારકા અને ઓખા સ્ટેશનો વચ્ચે આંશિક રીતે રદ રહેશે. આ ઉપરાંત ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ, જે ૧૧ જૂનના રોજ દ્વારકા સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં નીટની પરીક્ષા માટે પાંચ કેન્દ્ર ઉપર આયોજન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સહિત દેશભરમાં આગામી તા.૨૧મી જુને એનટીએ દ્વારા નીટ(યુજી)ની ફરીથી પરીક્ષાનુ આયોજન કરાઈ રહયુ છે.જેમાં જામનગરમાં કુલ ૧૭૦૪ વિધાર્થીઓ નીટ રી એક્ઝામ માટે નોંધાયા હોવાનુ સુત્રોએ જણાવ્યુ છે.જુદા જુદા પાંચ કેન્દ્રો પર નીટ(યુજી)ની આ પરીક્ષા લેવાશે એમ પણ ઉમેર્યું હતું. જામનગરમાં નીટ(યુજી)ની ફેર ફેર પરીક્ષા માટે જુદા જુદા પાંચ પરીક્ષા કેન્દ્રો નિયત કરાયા છે.જેમાં ૧૭૦૪ વિધાર્થીઓ રીએકઝામ માટે નોંધાયા હોવાનુ સુત્રોએ જણાવ્યુ હતુ. જેમાં જામનગર સ્થિત શહેરના એરફોર્સ સ્ટેશન સ્થિત કેન્દ્રીય વિધાલય-૧,ઈન્ફન્ટ્રી લાઇન્સમાં કેન્દ્રીય વિધાલય-૨,આઇએનએસ. વાલસુરા,ડીકેવી કોલેજ ઉપરાંત અલીયાબાડામાં જવાહર નવોદય વિધાલયનો સમાવેશ થાય છે.જુદા જુદા પાંચેય પરીક્ષા કેન્દ્રો માટે કુલ ૧૭૦૪ વિધાર્થીઓ નોંધાયા હોવાનુ સામે આવ્યુ છે.આગામી ૨૧મી જુને યોજાનારી નીટ રીએકઝામને અનુલક્ષીને તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com